જા.નં.:ખાધ/૦૭૩/૪/૧૩૬૭/૨૦૦૦
કમિશનર,કુટિર અને ગ્રામોદ્યોગ
ગુજરાત રાજ્ય,ઉદ્યોગભવન,ગાંધીનગર

તારીખ : ૨૬/૯/૨૦૦૦

<u>પરિપત્ર</u> :-

વિષય :- સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટેની "પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય <u>સ્વચ્છતા બજાર</u> યોજના" મંડળીઓની નોંધણી કરવા બાબત.

---

આથી ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનું કે, ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને હાથ વડે મેલુ સાફ કરવાના અસ્વચ્છ વ્યવસાયમાંથી ઉત્તરોત્તર મુક્ત કરી સ્વચ્છતા બજારો ( સેનીટરી માર્ટ ) મારફત વૈકલ્પિક રોજગારી આપીને તેમનું પુનઃસ્થાપન કરવાના મુળભુત ઉદ્દેશથી એક દેશવ્યાપી યોજના જાહેર કરેલ છે રાજ્ય સરકારે તા.૧૪/૭/૨૦૦૦ના ઠરાવથી આ યોજનાને "પંડિત દીનદયાળ ઉપાધ્યાય <u>અંત્યોદય સ્વચ્છતા</u> <u>બજાર</u>" ના નામે સમગ્ર રાજ્યમાં અમલી બનાવેલ છે ( જેની નકલ આ સાથે સામેલ છે ) આ ઠરાવ મુજબ સફાઈ કામદારો અને તેમના આશ્રિતો જેઓ બેરોજગાર છે તેવા લઘુતમ ૨૫ લાભાર્થીઓની મંડળી મારફત આ યોજનાનો અમલ કરવામાં આવનાર છે. આ બજારો મારફત સ્વચ્છતા વિષયક સાધન સામગ્રીના ઉત્પાદન વેચાણ અને અન્ય સેવાલક્ષી પ્રવૃત્તિઓ થનાર છે તે જોતાં આ મંડળી ઉત્પાદકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરનાર હોઈ આ મંડળીઓની નોંધણી કરવી જરુરી બને છે. ભારત સરકારે ચાલુ વર્ષે રાજ્યમાં આવા ૬૦૦ સ્વચ્છતા બજારો સ્થાપવાની નાણાંકીય સહાય સાથેની મંજુરી આપેલ છે. ત્યારે ઠરાવની જોગવાઈ મુજબ મંડળીઓની નોંધણીની પ્રક્રિયા ઝડપી બનાવીને અગ્રતાના ધોરણે નોંધણી કરવા સુચના છે. આવી મંડળીઓના રજીસ્ટ્રેશનની કામગીરી આપની કચેરીએથી કરવાની રહે.

મંડળીઓની નોંધણી કરવા અંગે અમોની કચેરીના પરિપત્ર નં. મધ/૦૬/૮/૪૩૨/૯૭ તા. ૩/૫/૯૭ થી આપેલ સુચનાઓમાં પુર્વ મંજુરી લેવામાં આવી મંડળીઓને છુટછાટ આપવામાં આવે છે. ઉક્ત પરિપત્ર મુજબ બાબતની પહોંચ પાઠવવા વિનંતી છે.

<u>સામેલ-૧</u>

તા. ૧૪/૭/૨૦૦૦ સરકારશ્રીની
યોજનાની માહિતી.

સહી/-
( એસ. સી. સનેહી )
કમિશનર
કુટિર અને ગ્રામોદ્યોગ
ગુજરાતરાજ્ય, ગાંધીનગર

<u>નકલ રવાના પ્રતિ</u>

૧. શ્રી મેનેજર (કેવીસીઆઈ) અને જીલ્લા રજીસ્ટાર સ.મં. (ઉ)
   જીલ્લા ઉધોગ કેન્દ્ર તમામ

૨. મદદનીશ જીલ્લા રજીસ્ટારશ્રી (પંચાયત)
   જીલ્લા પંચાયત તમામ

જાણ સારુ તથા અમલ સારુ.

કમિશનર
કુટિર અને ગ્રામોધોગ
ગુજરાતરાજ્ય, ગાંધીનગર વતી

મા/૨૭૯૨૦૦૦